**અમદાવાદ(ગ્રામ્ય)ના મે. ૧૧માં એડી. સીની. સીવીલ જજ તથા એ.સી.જે.એમ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. નવરંગપુરા, અમદાવાદ.**

**ફોજદારી કેસ નં.32631/2025**

**ફરિયાદીઃ** **શ્રી સરકાર**

વિરુધ્ધ

**આરોપીઃ** **જગદિશકુમાર ડાયાભાઈ પટેલ**

**ગુન્હોઃ બી.એન.એસ.ની કલમ ૨૨૩ મુજબ**

**:: ચુકાદો ::**

(1) આ કામના આરોપીએ જાહેરનામાનો ભંગ કરી બી.એન.એસ.ની કલમ ૨૨૩ મુજબનો ગુન્હો કરેલ છે.

(2) ઉપરોક્ત ફરિયાદના કામે ફરિયાદ નોંધતા તપાસ કરનાર અમલદારે આગળની તપાસ હાથ ધરેલ તપાસના અંતે આરોપી સામે ગુન્હો બનતા હોવાનો પુરતો પુરાવો મળતા આરોપી સામે અત્રે ની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

(3) આરોપીને સમન્સ બજતા તેઓ અદાલત સમક્ષ હાજર થતા બી.એન.એસ.એસ. ની કલમ ૨૩૦ અન્વયે પોલીસ તપાસની નકલો વિના મુલ્યે મળ્યાની ખાતરી કરેલ છે. આજરોજ સ્પેશીયલ સીટીંગમાં આરોપી હાજર હોય, આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે જેમાં તેઓએ પોતાના ગુન્હાની કબુલાત સ્વેચ્છાએ કરેલ છે અને ગુન્હો કબુલ છે તેમ જણાવેલ છે. વધુમાં, આરોપીએ પોતાના ગુન્હાની કબુલાત પુરસીસ રજુ કરેલ છે. જેથી આરોપીને તકસીરવાન ઠરાવીને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા માટે પોતે પૂરતા અને વ્યાજબી કારણ હોવાનું જણાવે છે આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા છતાં અને સમજવા છતાં પણ સ્વૈચ્છિક રીતે ગુન્હો કબુલ કરતા હોઈ, કબુલાત પુરસીસ અને પ્લી રેકર્ડ કરવામાં આવે છે.

(4) આરોપીની ગુનાની કબુલાતને ન માનવાનું કોઈ કારણ નથી અને તેણે દયાની માંગણી કરેલ છે. આરોપી કાયદાથી અજાણ છે અને આ તેઓનો પ્રથમ ગુનો છે અને આવો ગુનો ફરી નહી કરવાની ખાતરી આપે છે તથા પોતાની ભૂલ સુધારવા માંગતા હોવાનું જણાવે છે. વધુમાં, મજુરી કરી કુટુંબનું ભરણ–પોષણ કરીએ છે. તથા તેઓના ભરણ–પોષણની જવાબદારી અમારે શીરે છે જો અમો આરોપીને જેલમાં મુકવામાં આવે તો અમારા કુટુંબને ભૂખે મરવાનો વારો આવે તેમ હોય, જેલમાં ન મુક્તા દંડ કરવા અરજ ગુજારેલ છે. જેથી દયા ગુજારવા વિનંતી કરેલ છે. ફરિયાદ પક્ષ તરફથી એવું કોઈ રેકર્ડ રજુ થયેલ નથી કે આરોપીએ અગાઉ કોઈ ગુનો કરેલ હોય, જેથી આરોપીનો પ્રથમ ગુનો હોવાનું જણાય છે.

(5) આવા સંજોગોમાં આરોપીની સામેનું તહોમત અને સજાની જોગવાઈ તેમજ આરોપીની કબુલાત પુરસીસ અને તેઓની મૌખિક રજૂઆત ધ્યાને લેતા, આરોપીની વિરુધ્ધ આ પ્રથમ પ્રકારનો ગુન્હો હોય સદર કેસમાં આરોપીને બી.એન.એસ.ની કલમ ૨૨૩ અન્વયે તકસીરવાન ઠેરવી ઓછામા ઓછી સજા કરવી તે હું ન્યાયી અને ઉચિત માનું છું જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૮ મુજબ બી.એન.એસ.ની કલમ ૨૨૩ હેઠળના શિક્ષાપાત્ર ગુનાના તહોમતમાં તકસીરવાન ઠરાવી આરોપીને **રૂ. ૧૦૦/–(અંકે રૂપિયા સો પુરા)** દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન–૧ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તારીખ ૧૩મી, માહે સપ્ટેમ્બર સને ૨૦૨૫ નાં રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. –૧૩/૦૯/૨૦૨૫
સ્થળ – અમદાવાદ

**(સી.કે.રાઠોડ)**
૧૧માં એડીશનલ સીની. સિવિલ જજ અને
એ.સી.જે.એમ અમદાવાદ(ગ્રામ્ય)